# : શ્રીગુરુલીલામૃતની પાર્શ્વભૂમિકા :

ગુરુમહારાજ ભગવાન રંગાવધૂત વિરચિત શ્રીગુરુલીલામૃત એ બ્રહ્મરસાસ્વાદથી ભરેલો દિવ્ય ગ્રંથ છે. ભગવાન દત્તાત્રેય દ્વારા લખાવાયેલો અને ગુરુમહારાજ શ્રીરંગ અવધૂતજીએ લખેલો આ ગ્રંથ ઔપાસનિક ગ્રંથ છે અને એના સકામ તેમજ નિષ્કામ અનુષ્ઠાન અંગેના દિવ્ય અનુભવો સ્મરણીય છે.

શ્રીગુરુલીલામૃતનું શ્રદ્ધા અને ભાવથી પારાયણ કરનારા ભક્તોને આ ગ્રંથની રચના પાછળની ભૂમિકા જાણવા મળે તો તેનાં પારાયણનો આનંદ જરૂર વધી જવાનો, એટલું જ નહીં પણ ભક્ત તરીકેની એની ભાવના પણ સંતોષાયેલી ગણાશે.

શ્રીગુરુલીલામૃત શબ્દનો અર્થ શ્રીયુક્ત જ્ઞાન, કર્મ અને ઉપાસના એવો થાય છે. 'ગુરુ' શબ્દના અનેક અર્થ છે જેનો કેન્દ્રવર્તી અર્થ 'જ્ઞાન આપનાર' છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જ્ઞાનરૂપી પ્રકાશ રેલાવનાર એટલે **ગુરુ**.

ગુરુગીતામાં ગુરુને લગતાં અનેક શ્લોકો છે. શ્રીગુરુલીલામૃતના ત્રીજા અધ્યાયમાં પણ 'ગુરુ' શબ્દના વિવિધ અર્થો છે. ત્યાં પણ 'ગુરુ' શબ્દ જ્ઞાનનો સૂચક છે. 'અજ્ઞાનાંધ્ય નિવારીને જ્ઞાનાંજન સળી થકી, ઉઘાડી આંખ જેણે તે નમું શ્રીગુરુદેવને.'

ભગવાન જે કરે તે 'લીલા' કહેવાય. ભગવાનનાં કર્મો- લીલા એને બંધનકારક નીવડતા નથી. આમ 'લીલા' શબ્દ આવાં કર્મનું સૂચન કરે છે. શ્રીગુરુલીલામૃતના ચોથા અધ્યાયમાં નવધા ભક્તિનું વર્ણન કરતાં ગુરુમહારાજ જણાવે છે કે:

પ્રીતે અક્રિય ઈશનું દિવ્ય કર્મ પવિત્ર-
ગાવું, જેથી સહુ ટળે કર્મ વાસના ચિત્ર.

(અ.૪ દો.૬૯)

'અમૃત' શબ્દ દ્વારા ઉપાસનાનું સૂચન છે. ઉપાસના દ્વારા વ્યક્તિ અમૃતત્વ પામે છે. મૃતમાંથી અમૃત બનવા માટેનું સાધન એટલે ઉપાસના. 'વં' એ અમૃત તત્ત્વનું સૂચક છે. 'લં' એ પૃથ્વી તત્ત્વનું સૂચક છે. ઉપાસનાકાંડની શરૂઆત ગુરુમહારાજે 'વં'થી કરી છે અને તે દ્વારા અમૃત

એ ઉપાસનાનું સૂચક છે એમ સૂચવ્યું છે.ઉપાસનાકાંડ-અધ્યાય ૧૦૬નો પ્રથમ દોહરો નીચે મુજબ છે એટલે કે ઉપાસનાકાંડની શરૂઆત 'વં'થી થઈ છે.

વંદુ ગણપતિ શારદા સદ્‌ગુરુ યતિવર તેહ,
યત્સ્મરણે ક્ષણ ના રહે વિઘ્ન, ભ્રમ, સંદેહ.

આમ ગુરુ, લીલા અને અમૃત એ અનુક્રમે જ્ઞાન, કર્મ અને ઉપાસનાનાં સૂચક છે. ગુરુલીલામૃતની આગળનો 'શ્રી' એવું સૂચવે છે કે 'શ્રી'યુક્ત જ્ઞાન, કર્મ અને ઉપાસના આપનારો આ ગ્રંથ છે. જ્ઞાન, કર્મ અને ઉપાસના 'શ્રી'ની સાથે હોય તો વધુ શોભે.

હિન્દુધર્મ જ્ઞાન, કર્મ અને ઉપાસનાની ફિલસૂફી ધરાવે છે. આમ શ્રીગુરુલીલામૃત હિન્દુધર્મની ફિલસૂફીની રજૂઆત કરતો ગ્રંથ છે.

પ.પૂ.શ્રી રંગ અવધૂતજીએ આ ગ્રંથની રચના સંવત ૧૯૮૮ના આશ્વિન વદ બારસના રોજ કરી. ગ્રંથની સમાપ્તિ વાઘબારસ- ગુરુદ્વાદશી, સંવત ૧૯૮૮ના રોજ થઈ.

શ્રીગુરુલીલામૃત ગ્રંથની શરૂઆત સરખેજ પાસે આવેલા 'જામફળીના ખેતર'માં થઇ. આ ખેતર શ્રી રતનલાલ મહાત્માનું હતું. પૂ.શ્રી નર્મદાની પરિક્રમા કરી સને ૧૯૩૨માં અમદાવાદ-સરખેજ પધાર્યા ત્યારે તેમનો મુકામ જામફળીના ખેતરમાં હતો. આ સમયે શ્રીગુરુલીલામૃત રચવાની દેવે આજ્ઞા કરી અને એ આજ્ઞાના અનુસંધાનમાં ગ્રંથની શરૂઆત થઇ.

શ્રીગુરુલીલામૃતમાં ત્રણ કાંડ છે. જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસનાકાંડ. શ્રીગુરુલીલામૃતમાં ૧૪૮ અધ્યાય છે અને ૧૯૦૦૫ દોહરા છે. ભજન, સ્તોત્રો અને હાલરડાં જુદાં.

જ્ઞાનકાંડમાં ૫૫ અધ્યાય છે અને ૭૨૮૦ દોહરા છે.
કર્મકાંડમાં ૫૦ અધ્યાય છે અને ૬૭૭૨ દોહરા છે.
ઉપાસનાકાંડમાં ૪૩ અધ્યાય છે અને ૪૯૫૩ દોહરા છે.
આમ કુલ ૧૪૮ અધ્યાય અને ૧૯૦૦૫ દોહરા છે.

શ્રીગુરુલીલામૃતમાં સૌ પ્રથમ જ્ઞાનકાંડ છે. આ જ્ઞાનકાંડમાં ભગવાન દત્તાત્રેયની લીલાનું વર્ણન છે. અધ્યાય ૧ થી અધ્યાય ૫૫ સુધી જ્ઞાનકાંડ વિસ્તરેલો છે.

જ્ઞાનકાંડ પછી કર્મકાંડ આવે છે. અધ્યાય ૫૬ થી ૧૦૫ એટલે કે ૫૦ અધ્યાય સુધી કર્મકાંડ વિસ્તરેલો છે. કર્મકાંડમાં દત્તાવતારી શ્રીપાદ્વલ્લભ અને શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામીની લીલાનું વર્ણન છે. કર્મકાંડ પછી ઉપાસનાકાંડ આવે છે. પ.પૂ.શ્રી રંગ અવધૂતજીના સદ્ગુરુ શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની લીલાનું વર્ણન ઉપાસનાકાંડમાં છે. અધ્યાય ૧૦૬ થી ૧૪૮ સુધી એટલે કે ૪૩ અધ્યાય સુધી ઉપાસનાકાંડ વિસ્તરેલો છે. ખરેખર ૧૦૬ થી ૧૪૭ સુધી ઉપાસનાકાંડ છે અને છેલ્લા અધ્યાયમાં એટલે કે ૧૪૮મા અધ્યાયમાં તો ૧ થી ૧૪૭ સુધીના અધ્યાયનો સારાંશ છે.

આપણા હિન્દુધર્મની ફિલસૂફીમાં મળ, વિક્ષેપ અને આવરણને દૂર કરવા માટે અનુક્રમે કર્મ, ઉપાસના અને જ્ઞાનની જરૂર દર્શાવી છે. જ્ઞાનથી જ મુક્તિ મળે છે એ વાત બધા જ સ્વીકારે છે.

ગુરુમહારાજે શ્રીગુરુલીલામૃત ગ્રંથની સમાપ્તિ રેવા તીરે નારેશ્વરમાં આસો વદ બારસના રોજ એટલે કે ગુરુદ્વાદશીના

રોજ કરી. સંવત ૧૯૮૮ એટલે કે સને ૧૯૩૨માં (તા.૨૬-૧૦-૧૯૩૨) આ ગ્રંથની રચના થઇ.

બાપજીની ઉંમર ૩૭ વર્ષની હતી ત્યારે આ ગ્રંથની રચના થઇ. શ્રીગુરુલીલામૃતની શરૂઆત સરખેજ પાસે આવેલા મુ. રતનલાલ ત્રિપાઠી- મહાત્માના ખેતરમાં થઇ. ૧ થી ૩૧ સુધીના અધ્યાય આ જામફળીના ખેતરમાં લખાયા.

ગ્રંથની રચના એ ભગવાનની જ ઇચ્છાનું ફળ હતું અને દેવનું કાર્ય દેવ કરે છે એ વાતનો ખ્યાલ આ ગ્રંથની રચના વિશેની વિગતો જાણવાથી આવે છે.

શ્રીગુરુલીલામૃતનો જ્ઞાનકાંડ એ દત્તપુરાણ પર આધારિત છે. કર્મકાંડ શ્રીગુરુચરિત્ર પર આધારિત છે અને ઉપાસનાકાંડ શ્રીગુરુમૂર્તિચરિત્ર પર આધારિત છે. આ ત્રણે ગ્રંથોના અભ્યાસ-પરિશીલન ભગવાને બાપજી પાસે કેવી રીતે કરાવ્યા તે જાણવાથી આપણને ચોક્કસ ખ્યાલ આવશે કે આ ગ્રંથની રચના એ દેવની ઇચ્છાનું જ ફળ છે.

બાપજીની ઉંમર માત્ર છ વર્ષની હતી ત્યારે ભગવાને તેમના હાથમાં શ્રીગુરુચરિત્ર ગ્રંથ મૂક્યો. આ ગ્રંથને આધારે જ

શ્રીગુરુલીલામૃત ગ્રંથનો કર્મકાંડ તૈયાર થયો.

૧૧મી ફેબ્રુઆરી, ૧૯૦૪ની રાત્રિએ સ્વપ્નમાં આદેશ થયો "પોથી વાંચ." "પોથી વાંચ"નો આદેશ તો થયો પણ પોથી એટલે શું તે સમજાયું નહીં. મનમાં મૂંઝવણ રહ્યા જ કરતી હતી કે "પોથી વાંચ" એટલે શું? પોથી એટલે શું? પરંતુ સાચી જિજ્ઞાસાને ભગવાન સંતોષે છે એ વાત સાચી પડી.

એક વાર બાબુ (બાપજીનું નાનપણનું નામ) તથા નારાયણને લઇને મા રુકમામ્બા, પોતાના ભાઇને ત્યાં ગયા. એમના ભાઇ ફોરેસ્ટ ઓફિસરની નોકરી કરતા હતા. ભાઇ-બેન સુખદુ:ખની વાતો કરતાં હતાં ત્યાં ભાઇએ (પૂ.બાપજીના મામાએ) બેનને કહ્યું: "બેન! મારી ફોરેસ્ટ ઓફિસર તરીકેની નોકરીમાં ગમે ત્યારે ગમે ત્યાં જવાનું થાય છે એટલે હવે આ ઉંમરે આ 'પોથી' કોઇ યોગ્ય વ્યક્તિને આપી દઉં એમ થાય છે. શુચિર્ભૂત થઇને પોથીનો રોજ એક અધ્યાય વાંચવાનો નિયમ આજ દિન સુધી પાળ્યો છે પણ હવે એમ થાય છે કે કોઇ લાયક વ્યક્તિ મળે તો આ પોથી આપી

દઉં. આ 'પોથી' શબ્દ સાંભળતાં જ બાપજીના કાન સરવા થયાં. 'પોથી વાંચ'નો આદેશ યાદ આવ્યો. જે મૂંઝવણનો ઉકેલ શોધતા હતા તે જડી ગયો જણાયો. એમના હૈયામાં હરખ તો માય નહિ. આંખોમાં ચમક આવી ગઇ. પૂ.શ્રીએ મોંઘેમામાને કહ્યું કે "મામા! આ પોથી મને આપો." મામાએ બાપજીને સમજાવ્યા કે તું હજી નાનો છે અને આ 'પોથી' અંગેના નિયમ કડક છે એટલે તને ન અપાય. બાપજીએ મામાને ખાતરી આપતા કહ્યું: "મામા! તમે જે નિયમ જણાવશો એ બધા જ નિયમ અક્ષરશ: પાળીશ. તમે ચિંતા ના કરો અને મને પોથી આપો જ." મામાને સ્વપ્નના આદેશની જાણ ન હતી એટલે એ એમની રીતે વિચારે એ સ્વાભાવિક હતું. પૂ.રુકમામ્બાએ પોતાના ભાઇને જણાવ્યું કે તું ચિંતા ન કર અને બાબુને 'પોથી' આપ. એ બધા નિયમો પાળીને એનો રોજ એક અધ્યાય વાંચશે. પોતાની બેને ખાતરી આપી એટલે મોંઘેમામાએ ભાણાને- બાપજીને 'પોથી' આપી.

આ 'પોથી' એટલે શ્રીપાદ્‌શ્રીવલ્લભ અને શ્રીમદ્‌નૃસિંહ સરસ્વતીની લીલાનું વર્ણન કરતો મરાઠી

ભાષામાં લખાયેલો ગ્રંથ. એનું નામ 'શ્રીગુરુચરિત્ર.' સાયંદેવનાં પૌત્રના પૌત્ર શ્રીસરસ્વતી ગંગાધરે* લીલાની વિગતો એકઠી કરીને ગ્રંથની રચના કરી હતી. દત્તબાવની એ આ ગ્રંથમાં વર્ણવેલી લીલાનો ટૂંક સાર છે.

બાપજીના મોંઘેમામા પાસે આ 'પોથી' કેવી રીતે આવી એ વાત પણ જાણવા જેવી છે. બાપજીના મામાને લગ્ન થયા બાદ ઘણાં વર્ષો સુધી કોઇ સંતાન ન હતું. સંતાન પ્રાપ્તિની ઇચ્છાથી એમણે શિરડીવાળા સાંઇબાબાની સેવા કરી હતી. એમની સેવાથી પ્રસન્ન થઇને સાંઇબાબાએ બાપજીના મામાને આ શ્રીગુરુચરિત્ર ગ્રંથ ('પોથી') આપ્યો અને એનું પારાયણ કરવાનું જણાવ્યું. 'પોથી'ના નિયમસરના અનુષ્ઠાનથી- પારાયણથી મામાને સંતાન પ્રાપ્તિ થઇ. પોતાની મનોકામના સિદ્ધ થયા પછી પણ નિયમસર પારાયણ તો ચાલુ જ રાખ્યું અને વર્ષો બાદ એ 'પોથી' દેવની ઇચ્છાથી આજે બાપજીના હાથમાં આપી.

---

* સાયંદેવનો પુત્ર નાગનાથ-તેનો પુત્ર દેવરાવ-તેનો પુત્ર ગંગાધર અને એનો પુત્ર સરસ્વતી. આમ સાયંદેવના પૌત્રનો પૌત્ર.

છ વર્ષની નાની ઉંમરથી શ્રીગુરુચરિત્ર-પોથીના પારાયણ શરૂ થયાં. આ ગુરુચરિત્રના કુલ બાવન (૫૨) અધ્યાય છે એટલે રોજના એક અધ્યાય પ્રમાણે ગણીએ તો પણ વર્ષનાં સાત પારાયણ થાય. બાપજીએ ૩૪ વર્ષની ઉંમરે શ્રીગુરુલીલામૃત ગ્રંથની રચના કરી એ દરમ્યાન તો પોથીનાં કેટલીય વાર પારાયણ થયાં હશે? બાપજીની સ્મૃતિશક્તિ, મેધાશક્તિ જોતાં તો એમ કહી શકાય કે ટૂંક સમયમાં જ 'પોથી' કંઠસ્થ થઇ ગઇ હશે.

પૂ.બાપજીએ 'પોથી' એટલે કે શ્રીગુરુચરિત્રને આધારે કર્મકાંડ લખ્યો એનો અર્થ કોઇ એવો ન કરે કે શ્રીગુરુચરિત્રનું ગુજરાતીમાં માત્ર ભાષાંતર કર્યું છે. ગુરુચરિત્ર (પોથી) અને કર્મકાંડ સરખાવીએ ત્યારે પૂ.શ્રીએ કરેલા ફેરફારો ધ્યાનમાં આવે છે. દા.ત. 'પોથી'માં ગુરુગીતા છે જે કર્મકાંડમાં નથી. પોથીમાં રાવણે મહાદેવને પ્રસન્ન કરવા માટે કરેલું સામગાન ખૂબ જ વિગતે છે જે કર્મકાંડમાં નથી. શ્રીપાદ્‌શ્રીવલ્લભ બદ્રીનારાયણ ગયા એ પ્રસંગ પોથીમાં નથી પણ કર્મકાંડમાં એના ત્રણ અધ્યાય છે. આવી તો ઘણી વિગતો છે જે સૂચવે

છે કે કર્મકાંડ એ શ્રીગુરુચરિત્રનો અનુવાદ માત્ર નથી.

જેને આધારે જ્ઞાનકાંડની રચના થઈ એ દત્તપુરાણની પ્રાપ્તિનો ઈતિહાસ તો વળી 'પોથી'ના ઈતિહાસથી પણ વધુ દિવ્ય છે.

ત્રણ વર્ષની ઉંમરે પિતાશ્રી તરફથી રામ નામનો મંત્ર મળ્યો અને છ વર્ષની ઉંમરે પોથી મળી. આઠ વર્ષની ઉંમરે યજ્ઞોપવિત નિમિત્તે વાડીમાં સંતનાં દર્શન માટે લઈ ગયાં ત્યારે શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે "આ તો મારો બાળક છે" એમ કહીને સ્વીકાર કર્યો. એ બધા પ્રસંગો જ બાપજી વિશે ઘણું ઘણું કહી જાય છે.

મેટ્રિકની પરીક્ષા પાસ કરી અને કોલેજ-જીવન શરૂ થયું તો પણ લગની તો ભગવાનના સાક્ષાત્કારની જ. સ્કૂલમાં નોકરીએ જોડાયા તો પણ પર્યટનના બહાને કોઈ એકાંત અને દિવ્ય ધામની શોધમાં જ રહ્યા. હિમાલય તરફ જવાની ઉત્કટ ભાવના અને તીવ્ર ઈચ્છા હોવા છતાં જુદા જુદા સંતો અને મહાત્મા દ્વારા નર્મદા તટે રહેવાનું જ માર્ગદર્શન મળ્યું. ગાંધીજીના એલાનને માન આપી કોલેજ છોડી ગુજરાત

વિદ્યાપીઠમાં આવ્યા એટલે કાકા કાલેલકરના પરિચયમાં આવ્યા. કાકા કાલેલકરે ભર્તુહરી શતકમાંથી પસંદ કરેલા ૧૨૭ શ્લોકો ઉપર બાપજીએ ૨૭ વર્ષની ઉંમરે સંસ્કૃતમાં એવી સરસ ટીકા લખી કે કાકા કાલેલકર ખુશ ખુશ થઈ ગયા અને એમને છોડવા તૈયાર ન હતા.

બાપજીને યજ્ઞોપવિત નિમિત્તે સને ૧૯૦૬માં વાડીમાં પૂ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનાં દર્શન થયા, પછી સને ૧૯૧૪માં ગરુડેશ્વરમાં સ્વામી મહારાજે સમાધિ લીધી એટલે બાપજીને સ્થૂલ દેહનાં દર્શન તો એક જ વાર થયાં છતાં સ્વપ્ન દ્વારા સ્વામી મહારાજે એમની પાસે કામ લીધું અને તેથી તો વાસુદેવનામસુધામાં ૭૩મા શ્લોકમાં જણાવ્યું કે બ્રહ્મચારી પાંડુરંગને જેણે સ્વપ્નમાં દર્શન આપીને જ અનાર્યમાંથી આર્ય બનાવ્યો એવા હે વાસુદેવ! તમને નમસ્કાર હો! શ્લોક છે:

માણવં પાંડુરંગાખ્યં સ્વપ્નદર્શનમાત્રતઃ ।
ચકારાર્યં ત્વનાર્યાદ્યો વાસુદેવ નમોઽસ્તુ તે ॥

ઈ.સ.૧૯૨૪માં એકવાર મિત્રો સાથે પ્રવાસ કરતાં બાપજી ઇંદ્રવરણા ગામે આવ્યા. ઇંદ્રવરણા ગામના શિવાલયમાં રાત્રી મુકામ કર્યો. એ રાત્રે સ્વામી મહારાજે 'દત્તપુરાણ'ના ૧૦૮ પારાયણ કરવાનો આદેશ કર્યો. સ્વામી મહારાજે કહ્યું "ઊઠ! ઊઠ! રડતોસ કાય! દત્તપુરાણાચે પારાયણ કર." સ્વપ્ન કેવું દિવ્ય હશે! આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવાની ચિંતામાં જ સ્વપ્નમાં રડતા બાપજીને સ્વામી મહારાજે કહ્યું "ઊઠ! ઊઠ! શું કામ રડે છે? દત્તપુરાણનાં પારાયણ કર."

વિરહવેદના તો તીવ્રતમ હતી જ. પત્રમંજૂષા ભાગ-૧ના પત્રો વાંચવાથી ખ્યાલ આવશે કે નિર્વેદ અને વ્યાકૂળતા કેવાં હતા.

કોલેજમાં હતા ત્યારથી જ શાસ્ત્રોનો અભ્યાસ હતો. સંસ્કૃત ભાષા અતિ પ્રિય અને એના પરનો કાબૂ પણ ગજબનો. વેદવ્યાસ રચિત અઢાર પુરાણો જોયાં પણ ક્યાંય દત્તપુરાણ મળ્યું નહિ. મિત્રોને અને અન્ય ધર્મજ્ઞોને પૂછ્યું પણ દત્તપુરાણ વિશે કોઇ માહિતી આપી શક્યું નહિ. દત્તપુરાણ જેવો ગ્રંથ છે ખરો? દત્તપુરાણ તો ન મળ્યું પણ

આવો કોઇ ગ્રંથ છે કે કેમ એ વિશે પણ નિશ્ચિત માહિતી ન મળતાં મનમાં થયું કે સ્વપ્નની વાત એ ભ્રમ તો નહિ હોયને! દેવનો આદેશ હોય તો દત્તપુરાણ વિશે કેમ માહિતી મળતી નથી?

આવી દ્વિધાવાળી પરિસ્થિતિનો અંત આવે એવી એક ઘટના બની ગઇ.

સને ૧૯૨૪ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખની આસપાસ સરખેજના રતનલાલ ત્રિપાઠી (મહાત્મા)ના ભાઇ શ્રી રવિભાઇ રણાપુરથી કોઇને કહ્યા વગર જતા રહ્યા. બધે તપાસ શરૂ થઇ. બાપજી અને રતનલાલ મહાત્મા રણાપુરથી નીકળી શિનોર, માલસર, શુક્લતીર્થ થઇ વરાછા આવ્યા પણ કાંઇ ભાળ મળી નહિ. વરાછાથી ભરુચ જવાનું નક્કી થયું. વરાછાથી ભરુચ આવતાં બાપજીએ રતનલાલને કહ્યું: “મહાત્મા! તમારા રવિભાઇ તો ભરુચમાં મળશે જ પણ મારી જમણી આંખ ફરકે છે એટલે કોઇ બીજો પણ લાભ થશે.”

બાપજી અને રતનલાલ ભરુચમાં શ્રી મોહનલાલ જગજીવનદાસ ત્રિપાઠીના ઘરે ગયા તો રવિભાઇ ત્યાં જ હતા. રવિભાઇનો પત્તો લાગ્યો એટલે શાંતિ થઇ. ગુરુમહારાજને તો દત્તપુરાણની જ લગની હતી એટલે સ્વાભાવિક રીતે જ એ વાત અહીં પણ નીકળી. મોહનભાઇએ કહ્યું કે દત્તપુરાણ એ સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી રચિત ગ્રંથ છે. મારી પાસે એ ગ્રંથ છે. હું આપને એના દર્શન કરાવી શકું અને આપ અહીં રહીને એનું પારાયણ કરી શકો. પણ આ ગ્રંથ આપને આપી શકું નહિ. પૂ.બાપજીને દત્તપુરાણ ગ્રંથ છે એ જાણીને આનંદ થયો, પણ અનુષ્ઠાન માટે નહિ મળે એ જાણીને ગ્લાનિ થઇ. બાપજીએ ગ્રંથના દર્શન કરવાની ઇચ્છા દર્શાવી એટલે શ્રીમોહનભાઇએ ગ્રંથના દર્શન કરાવ્યાં. બાપજીના આનંદનો કોઇપાર રહ્યો નહિ. ગ્રંથ છે એટલે દેવનો આદેશ સાચો એ વાત પાકી થઇ. સ્વપ્નની વાત એ ભ્રમ નથી પણ ભગવાનનો આદેશ છે એની ખાતરી થઇ. હવે આ ગ્રંથ મેળવવાની તાલાવેલી લાગી.

પારાયણ માટે ગ્રંથ કેવી રીતે મળી શકે? આ વાત બાપજીએ મોહનભાઈને કરી એટલે એમણે કહ્યું કે સ્વામી મહારાજના પટ્ટશિષ્ય ગાંડા મહારાજના બનેવી શ્રીકલ્યાણજીભાઈ ભરુચમાં જ રહે છે. ગાંડા મહારાજની બેન જમનાબેનનાં લગ્ન કલ્યાણજીભાઈ સાથે થયા છેઅને એમની પાસે સ્વામી મહારાજના બધાં ગ્રંથો છે. એમની પાસે જવાથી વધુ જાણવાનું મળશે.

પૂ.બાપજી, રતનલાલ મહાત્મા અને મોહનલાલભાઈ કલ્યાણજીભાઈને ત્યાં ગયા. મોહનલાલભાઈએ કલ્યાણજીભાઈને વિગતે વાત કરી એટલે કલ્યાણજીભાઈએ કહ્યું કે સ્વામી મહારાજ વિરચિત ગ્રંથો મારી પાસે છે પણ હવે એ પ્રાપ્ય નથી, એટલે તમને અહીં જોવા પૂરતા મળે પરંતુ લઈ જવા ન મળે. પૂ.બાપજીને તો સ્વામી મહારાજ વિરચિત બધાં ગ્રંથોનાં દર્શનની એવી તો તાલાવેલી લાગી હતી કે કલ્યાણજીભાઈની શરત મંજૂર રાખી દીધી. એક વાર બધાં ગ્રંથોના દર્શન થાય એટલે પણ ગંગા નહાયા ને ગોમતી તર્યા જેવો સંતોષ થાય.

કલ્યાણજીભાઈએ સ્વામી મહારાજ વિરચિત ગ્રંથોનું પોટલું છોડ્યું અને બધા ગ્રંથો વારાફરતી બતાવવા માંડ્યા. દરેક ગ્રંથની એક એક નકલ નીકળી, પરંતુ દત્તપુરાણની બે નકલ નીકળી. કલ્યાણજીભાઈ પણ આશ્ચર્યમાં ડૂબી ગયા. એમણે કહ્યું કે આ બધા ગ્રંથોની એક એક નકલ અને ફક્ત દત્તપુરાણની જ બે નકલ નીકળી એટલે ભગવાને તમારે માટે જ એક નકલ રાખી છે એમ માનવું રહ્યું. તમારે માટે દેવે વ્યવસ્થા કરી છે તો પછી આ એક નકલ આપ રાખો. દેવનું કામ દેવ કરે છે એનો આનાથી સચોટ પુરાવો બીજો શો હોઈ શકે?

ગરીબને ખજાનો મળે અને કેવો આનંદ? આંધળાને આંખો મળે તો કેવો આનંદ થાય? બસ! એવો જ આનંદ બાપજીને થયો. અંબાલાલ વ્યાસને લખેલ એક પત્રમાં બાપજી લખે છેઃ "દશ્યફળમાં વાસુદેવાનંદ સરસ્વતીએ લખેલા નાના મોટા મળીને દસ-બાર ગ્રંથો જોવા મળ્યા. એક ગ્રંથ- **દત્તપુરાણ** ભેટ મળ્યો. મેં તો સ્વામીજીનો-દત્ત મહારાજનો- પ્રસાદ જ માની લીધો. અદશ્યફળ વર્ણવ્યું જાય તેમ નથી."

આ દત્તપુરાણના ૧૦૮ પારાયણના અનુષ્ઠાન માટે બાપજી નારેશ્વરમાં રહ્યા. સતત અનુષ્ઠાનના પરિપાકરૂપે ગ્રંથ કંઠસ્થ થઇ ગયો હશે અને એને આધારે જ્ઞાનકાંડની રચના થઇ.

જ્ઞાનકાંડ એ કેવળ દત્તપુરાણ પર આધારિત ગ્રંથ નથી. વળી કોઇ એવું માનવાની ભૂલ ન કરે કે જ્ઞાનકાંડ એ દત્તપુરાણનો અનુવાદ છે.

શ્રીગુરુચરિત્ર પોથીને આધારે કર્મકાંડ અને શ્રીદત્તપુરાણને આધારે જ્ઞાનકાંડની રચના થઇ. શ્રીગુરુલીલામૃતનો ઉપાસનાકાંડ જે ગ્રંથને આધારે તૈયાર થયો એની પ્રાપ્તિનું કથાનક પણ અતિ દિવ્ય છે. સ્વામી મહારાજના પટ્ટશિષ્ય ગાંડા મહારાજે મરાઠીમાં રચેલ શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથને આધારે ઉપાસનાકાંડની રચના થઇ.

ગાંડા મહારાજ મૂળ સુરત પાસે આવેલા તલંગપુરના અનાવિલ બ્રાહ્મણ. એમનું પૂર્વાશ્રમનું નામ કલ્યાણજી ડાહ્યાભાઇ વશી. દત્તજયંતીને દિવસે એમનો જન્મ. સાત્ત્વિક વૃત્તિને કારણે ગુરુની શોધમાં નીકળેલા. ઇ.સ.૧૮૯૭માં શિનોર

મુકામે માર્કંડેશ્વર મહાદેવના મંદિરમાં પૂ.વાસુદેવાનંદ સરસ્વતી મહારાજ બિરાજેલા ત્યારે સ્વામી મહારાજના ખોળામાં ગાંડા મહારાજે માથું મૂક્યું અને બસ! માથું મૂક્યું તે મૂક્યું, પછી તે દિવસથી સ્વામી મહારાજની સાથે જ રહ્યા અને તેમના પ્રીતિપાત્ર થઈને રહ્યા. સ્વામી મહારાજના આ પ્રથમ દર્શનની વાત પણ જાણવા જેવી છે. સ્વામી મહારાજ શિનોર મહાદેવનાં મંદિરમાં હતા ત્યારે જે દિવસે ગાંડા મહારાજ પહેલ વહેલા દર્શને ગયા તેની આગલી રાતે જ દત્તાત્રેય ભગવાને સ્વામી મહારાજને કહેલું કે આવતીકાલે સવારે આવીને તારા ખોળામાં જે માથું મૂકશે તે કાયમ તારી સાથે રહેશે. બસ! બીજે દિવસે સ્વામી મહારાજ રાહ જોતા હતાં અને ગાંડા મહારાજે આવીને ખોળામાં માથું મૂકી દીધું.

સ્વામી મહારાજ મહારાષ્ટ્રીયન અને ગાંડા મહારાજ ગુજરાતી. સ્વામી મહારાજ સાથે ઘણો સહવાસ થવાથી ગાંડા મહારાજને મરાઠી ભાષા ફાવી ગઈ. સ્વામી મહારાજ સાથે અને અન્ય ભક્તો સાથે પણ મરાઠીમાં વાતો કરવાના પ્રસંગો વધ્યા એટલે મરાઠી ભાષા પરનો કાબૂ અને પ્રેમ બંને વધ્યા.

સંવત ૧૯૭૦ના જેઠ માસની અમાસે એટલે કે સને ૧૯૧૪ની ૧૪મી જૂને સ્વામી મહારાજે સમાધિ લીધી પછી ગાંડા મહારાજે મરાઠીમાં સ્વામી મહારાજની લીલાનું વર્ણન કરતો એક ગ્રંથ લખ્યો. ગાંડા મહારાજ ગુજરાતી હોવા છતાં એમનું કાર્યક્ષેત્ર દક્ષિણમાં રહ્યું. આ ગ્રંથનું નામ રાખ્યું: "ગુરુમૂર્તિચરિત્ર." પોતે મરાઠી જાણતા હોવા છતાં એઓ ગુજરાતી હોવાથી કોઈ મરાઠી માતૃભાષી આ ગ્રંથ વિગતે તપાસી જાય અને પછી જ એ છપાય તો સારું એવી એમની અંતરની ઈચ્છા.

આવા ઔપાસનિક ગ્રંથને કોણ મઠારે? જેની માતૃભાષા મરાઠી હોય, જે શાસ્ત્રનો જાણકાર હોય, આધ્યાત્મિક કેડીનો પ્રવાસી હોય અને સ્વામી મહારાજનો ભક્ત હોય એવી કોઈ વ્યક્તિ મળી જાય તો કેવું સારું! ગાંડા મહારાજ એવી વ્યક્તિની શોધમાં હતાં. બીજી બાજુ બાપજી મહારાષ્ટ્રીયન હતા પરંતુ એમનું કાર્યક્ષેત્ર ગુજરાત હતું. એ પણ સ્વામી મહારાજના જ શિષ્ય હતા પરંતુ આપજી અને ગાંડા મહારાજ બંને એક બીજાને ઓળખતા ન હતા, જાણતા ન હતા.

"દેવનું કામ દેવ કરે છે" એ ન્યાયે સ્વામી મહારાજે એક બાજુ ગાંડા મહારાજને દૃષ્ટાંત આપી કહ્યું કે "ચિંતા ન કર, બ્રહ્મચારીને મોકલું છે" અને બીજી બાજુ બાપજીને દૃષ્ટાંત આપ્યો કે "બ્રહ્મચારી! દક્ષિણમાં જા. ગાંડો તારી રાહ જુએ છે."

સ્વામી મહારાજના આદેશથી બાપજી વિચારમાં પડી ગયા કે "ગાંડો એટલે કોણ?" આદેશ થયો એના બીજા જ દિવસે સરખેજના કેશવલાલ શેઠ બાપજીનાં દર્શન માટે નારેશ્વર ગયા ત્યારે આ આદેશની વાત કરી. શેઠે કહ્યું કે દક્ષિણમાં ગાંડો કોણ છે તેની તો ખબર નથી પણ સ્વામી મહારાજના શિષ્ય ગાંડા મહારાજના એક સંબંધી કલ્યાણજીભાઈ ભરુચમાં રહે છે તો ત્યાં જઈને તપાસ કરું. બીજા દિવસે શેઠ ભરુચ જઈને જાણી લાવ્યા કે ગાંડો એટલે ગાંડા મહારાજ અને તે દક્ષિણમાં જ વિચરે છે. ચાલુ વર્ષે એટલે કે સંવત ૧૯૮૩નું (સને ૧૯૨૭નું) ચાતુર્માસ સાતોના પાસેની વાંકડી નદી પર આવેલા વાંકડી ગામે કરવાના છે અને તેથી ગુરુપૂર્ણિમા- અષાઢી પૂર્ણિમા- સુધીમાં વાંકડી ગામે

આવી જશે.

ગાંડા મહારાજના મિલનની તીવ્ર ઉત્કંઠા જાગી. ગુરુમહારાજના શિષ્ય એટલે પોતાના વડીલ ગુરુબંધુને મળવા માટે કોનું મન ના તલસે? પોતે તો ગુરુમહારાજના સ્થૂલ દેહનાં દર્શન એક જ વાર કરેલા અને તે પણ આઠ વર્ષની નાની ઉંમરે, જ્યારે ગાંડા મહારાજ તો છેવટ સુધી સ્વામી મહારાજ સાથે જ રહેલા. ગુરુમહારાજના પરમ શિષ્યના દર્શનનો આનંદ પણ અવર્ણનીય હોય છે.

પત્રમંજૂષામાં વાંકડીની શોધ કરતું પ્રવાસવર્ણન વાંચીએ ત્યારે બાપજીની તિતિક્ષાવૃત્તિના, દેવની કૃપાના અને દૈવી કાર્યનાં દર્શન થાય છે. આ બધી રઝળપાટ પાછળ દેવનો આશય તો ગુરુલીલામૃત ગ્રંથની રચના માટે બાપજીને તૈયાર કરવાનો જ હતોને!

અષાઢ મહિનો એટલે વરસાદની ઋતુ. પિત્ત ભડકી ઊઠવાની ઋતુ. બાપજી ફાસ્ટ દ્વારા મુંબઈ આવ્યા. મુંબઈથી મનમાડ, ચિત્તની ઉપાસની નગર-સાકોરી ગયા અને ત્યાંથી કોપરગાંવ તરફ ચાલવા માંડ્યું. વરસાદની ઋતુને કારણે

રસ્તા પરના પથ્થર બહાર ડોકિયાં કરતા હતા. કાદવમાં કાંટા પણ ખૂબ. પિત્ત ભડકી ઊઠેલું. રસ્તે ચોખ્ખું પાણી પણ ના મળે. પગમાં ફોલ્લા પડી ગયા. કોપરગાંવ આવવાને એકાદ માઇલ (દોઢ કિલોમીટર) બાકી હશે ને ચક્કરી આવી ને ભોંય પર પડી ગયા. કેટલી વાર ઝાડ નીચે પડી રહ્યા હશે તેની તો કોને ખબર? પરંતુ કોપરગાંવ જતા એક માણસને ઈશ્વરે પ્રેરણા કરી તે મદદે આવ્યો. ગોદાવરી નદીમાં પૂર બરોબરનું ચઢ્યું હતું. પૂલ ઉપર ઢીંચણ સમા પાણી હતા. પેલો અજાણ્યો માણસ હાથ ઝાલીને બાપજીને પૂલ પરથી લઇ ગયો. ત્યાં રાત્રિ મુકામ કરી, બીજે દિવસે સ્નાન કરી, ફરી પદયાત્રા શરૂ કરી. ગુરુપૂર્ણિમા પહેલા ગાંડા મહારાજ પાસે પહોંચી જવાનો સંકલ્પ હતો એટલે રોકાવું પોષાય એમ હતું નહિ. શનિવારે કોપરગાંવથી નીકળી ૧૮ કિલોમીટર ચાલીને યેવલા આવ્યા. યેવલાથી ૧૧ કિલોમીટર ચાલીને આંદરસૂલ ગામે આવી પહોંચ્યા. આંદરસૂલમાં ભોજન કર્યું અને પાછું ચાલવા માંડ્યું. આંદરસૂલથી ૨૦ કિલોમીટર દૂર આવેલા વૈજાપુર ગામે જવા નીકળ્યા. નીકળ્યા તો ખરા પણ ભૂલા પડ્યા

એટલે ખૂબ ચાલવું પડ્યું. છેવટે રાત્રે વૈજાપુર આવી પહોંચ્યા. એક બ્રાહ્મણને ત્યાં પાણી પીને તેમના ઓટલે જ રાત્રી ખેંચી કાઢી.

રવિવારે સવારે ઊઠી છ કિલોમીટર દૂર આવેલા રોટેગાંવ નામના રેલવે સ્ટેશને આવી પહોંચ્યા. આમ કુલ ૧૦૦ થી ૧૨૫ કિલોમીટર ચાલ્યા. રોટેગાંવ રેલવે સ્ટેશને ટાઇમ ટેબલ જોતાં ખબર પડી કે સટોના સ્ટેશન ત્યાંથી ૧૬૫ કિલોમીટર દૂર હતું.

અહીં ભગવાને લીલા કરવી હતી એટલે સ્ટેશન ઉપર આવીને બાપજી એક બાંકડા પર જઇને બેઠા કે થોડી વારમાં જ આ સ્ટેશનના સ્ટેશન માસ્તર બાપજી પાસે આવી પહોંચ્યા. સ્ટેશન માસ્તર તૈલંગી બ્રાહ્મણ હતા. આજે રવિવાર હતો. શનિવારની રાતે આ સ્ટેશન માસ્તરની પત્નીને ભગવાને સ્વપ્નમાં કહ્યું કે કાલે સ્ટેશને અમુક બાંકડા ઉપર જે આવીને બેસે તેની સેવા કરજે, એની સેવાથી તારા મનોરથ પૂરા થશે. સ્વપ્નમાં જે બાંકડાનું સૂચન થયું હતું તે જ બાંકડા ઉપર આવીને બાપજી રવિવારે બેઠા એટલે રેલવે

સ્ટેશન માસ્તરે બાપજીને વિનંતી કરી કે આપ સ્નાન કરીને મારે ઘેર ભિક્ષા લો પછી હું તમને સાતોના જવાની વ્યવસ્થા કરી આપીશ. રવિવાર ને એકાદશી હતી એટલે બાપજીએ ફલાહાર કર્યો.

રેલવે મારફત સાતોના પહોંચતા કરવાની વ્યવસ્થા કરવાનું સ્ટેશન માસ્તરે કહ્યું એટલે બાપજીએ તરત જ કહ્યું કે કોઇ ગાર્ડ કે ચેકરને કહીને તમે મોકલવાની વ્યવસ્થા કરવાનું વિચારતા હો તો એવું ના વિચારશો કારણ કે હું એ રીતે મફત મુસાફરી કરતો નથી. હું વગર ટિકિટ મુસાફરી કરતો નથી. સંસ્કારી અને વિવેકી સ્ટેશન માસ્તરે બાપજીને સાતોનાની ટિકિટ કઢાવી આપી અને બાપજી સાંજની ગાડીમાં સાતોના જવા રવાના થયા. ગુરુમહારાજ પોતાની હરપળે કાળજી રાખે છે એવી અનુભૂતિથી બાપજીને અતિશય આનંદ થયો.

સાતોના ઉતરી વાંકડી વિશે અને ગાંડા મહારાજ વિશે તપાસ કરી, પરંતુ વ્યવસ્થિત માહિતી મળી નહિ. કોઇએ કહ્યું કે કિસનરાવ પટવારીને ત્યાં તપાસ કરો કારણ કે એમને ત્યાં ઘણી વાર મહારાજ આવે છે, પરંતુ આ કિસનરાવ પટવારી

કોણ છે તેની ચોક્કસ માહિતી ન મળતાં બાપજીએ વાંકડી તરફ ચાલવા માંડ્યું, પરંતુ દૂધના નદી પર ત્રણ વાંકડી ગામ હતા. એકનું નામ કેદાર વાંકડી, બીજું ભોમે વાંકડી અને ત્રીજું બ્રહ્મ વાંકડી.

સાંજ પડી ગયેલી અને તેમાં મુસાફરીનો થાક એટલે નજીકમાં નજીક આવેલા વાંકડી ગામે પહોંચી ગયા. આ વાંકડી ગામ સ્ટેશનથી છ કિલોમીટર દૂર હતું. ચોમાસાને કારણે ખરાબ રસ્તા, કાંટાનો પાર નહિ અને અવધૂતી વેશ. ઝાડીમાં ભૂતની માફક એકલા ચાલતા હતાં. તરસથી ગળું સુકાઇ ગયું હતું. ગામ આવતું હતું. એક પછી એક એમ ત્રણે વાંકડી ફરી વળ્યા. બ્રહ્મ વાંકડી ગયા ત્યારે ખબર પડી કે મહારાજ અહીં આવવાના છે પણ હજી બે દિવસ લાગશે. ગાંડા મહારાજ બે દિવસ પછી બ્રહ્મ વાંકડી આવશે એવું જાણ્યું એટલે બીજે દિવસે બાપજી પાછા સાતોના ગયા અને કિસનરાવ પટવારીનું ઘર શોધી કાઢ્યું. કિસનરાવ પટવારીને ત્યાં જ રોકાયા. ગાંડા મહારાજને મળવા માટેની કેવી રઝળપાટ?

સાંજે ગાંડા મહારાજ સાતોના કિસનરાવ પટવારીને ત્યાં આવી પહોંચ્યા. બાપજીને જોતાની સાથે જ ગાંડા મહારાજે 'આવો બ્રહ્મચારી' કહીને અતિ ઉમળકાથી સ્વાગત કર્યું. દેવના આદેશ પ્રમાણે જ્યારે કામ થતું હોય ત્યારે પણ મુશ્કેલીનો સામનો તો કરવો જ પડે.

ગાંડા મહારાજ સાથે બાપજી સાતોનાથી બ્રહ્મ વાંક્ડી આવ્યા અને મારુતિ મંદિરમાં મુકામ કર્યો. ગાંડા મહારાજે લખેલ ગુરુમૂર્તિચરિત્રને ફરીથી જોઇ જવાનું અને મઠારવાનું કામ બાપજીએ અહીં કરવાનું હતું. ૩૪ વર્ષની ઉંમરે ભગવાને બાપજી પાસે ઉપાસનાકાંડ લખાવવો છે એની તૈયારીરૂપ આ ગુરુમૂર્તિચરિત્રને શુદ્ધ કરવાનું કામ બાપજી પાસે ભગવાન કરાવે છે અને તે પણ પાંચ વર્ષ પહેલાં.

ગુરુમૂર્તિચરિત્રનું વાંચન થયું. શુદ્ધિકરણ થયું અને જ્યાં જરૂર જણાઇ ત્યાં વિવેકપુર:સર મઠાર્યો પણ ખરો. ગુરુમૂર્તિચરિત્ર નિર્માણકાર્ય પૂરું થયું એટલે એને છપાવવાની જવાબદારી પણ બાપજીને જ સોંપવામાં આવી. ભરુચમાં

ગાંડા મહારાજના બનેવી કલ્યાણજીભાઈને ત્યાં રહીને આ કામ કરવાનું હતું.

બાપજીએ ભરુચમાં રહીને ગ્રંથ છપાવવાની જવાબદારી સ્વીકારી પરંતુ એ કાર્ય નર્મદા પરિક્રમા પત્યા પછી થશે એવું સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું. ગાંડા મહારાજે આ વાતને મંજૂર રાખી. ગાંડા મહારાજના આશીર્વાદ સાથે નર્મદા ‘મા’ની પરિક્રમા શરૂ થઈ. બાપજી પરિક્રમા પૂરી કરીને તા.૧૫-૬-૨૮ના રોજ ભરુચ આવ્યા અને ગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ છપાવવાનું વિચારવા લાગ્યા.

ભરુચમાં ઓફિસ ખડકીમાં રહીને ગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ છપાવવાનું કામ શરૂ કર્યું. મા નર્મદાના કિનારે ભાગાકોટને ઓવારે સામી ધર્મશાળાના મેડે ભૂતનાથની મેડીએ બાપજીનો મુકામ હતો. ગાંડા મહારાજના બનેવી કલ્યાણજીભાઈ નિછાભાઈ દેસાઈને ત્યાં ભિક્ષા લેવા જવાનું રાખ્યું હતું. લગભગ ૧૫મી ડિસેમ્બર, ૧૯૨૮ના રોજ ગ્રંથનું કામ પૂરું થયું. ગ્રંથ છપાતાં છએક માસ થયા. જેઠ માસથી શરૂ થયેલું કામ માગસર માસમાં પૂરું થયું. આ સમય દરમ્યાન

જ પોતાના નિત્યક્રમ માટે બાપજીએ ૧૦૮ શ્લોકના વાસુદેવનામસુધા સ્તોત્રની રચના કરી હતી.

શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ તૈયાર થયો એટલે સૌ પ્રથમ પારાયણ કરવાની ભગવાને બાપજીને પ્રેરણા કરી. બાપજીએ ગ્રંથનું પ્રથમ પારાયણ કર્યું અને કલ્યાણજીભાઇને સંભળાવ્યું. આમ ગુરુમૂર્તિચરિત્ર મઠારવામાં, પ્રૂફ જોવામાં અને પછી પારાયણમાં એમ અનેકવાર વાચન થયું. મેધાવી બાપજીને શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ યાદ રહી ગયો.

આમ શ્રીગુરુલીલામૃત માટેનું જરૂરી ભાથું ભગવાને બાપજી પાસે તૈયાર કરાવી દીધું. આ વાતને ચારેક વર્ષ વીત્યા અને બાપજી બીજી વાર નર્મદાની પરિક્રમા કરીને અમદાવાદ પાસેના સરખેજમાં આવ્યા. સરખેજ ગામની બહાર આવેલી રતનલાલ મહાત્માની જામફળીની વાડીમાં બાપજીએ મુકામ કર્યો.

દત્તપુરાણ કે જેને આધારે જ્ઞાનકાંડની રચના થઇ એ ગ્રંથ સ્વામી મહારાજે મહત્પુરમાં સંસ્કૃત ભાષામાં રચ્યો હતો. આ ગ્રંથમાં આઠ અષ્ટક છે અને દરેક અષ્ટકમાં આઠ

અધ્યાય છે. આમ દત્તપુરાણમાં કુલ ચોસઠ અધ્યાય છે અને ૩૫૦૧ શ્લોક છે.

શ્રીગુરુચરિત્ર કે જેને આધારે કર્મકાંડની રચના થઇ એ ગ્રંથની રચના સરસ્વતી ગંગાધરે મરાઠી ભાષામાં કરી હતી. આ ગ્રંથમાં બાવન અધ્યાય છેઅને છેલ્લા અધ્યાયમાં -ત્રેપનમાં અધ્યાયમાં એકથી બાવન અધ્યાયનો સાર છે.

શ્રીગુરુમૂર્તિચરિત્ર કે જેને આધારે ઉપાસના કાંડની રચના થઇ એ ગ્રંથની રચના ગાંડા મહારાજે મરાઠીમાં ભાષામાં કરી હતી. એમાં કુલ ૧૩૫ અધ્યાય છે, ૧૪૮૮૩ ઓંવી છે અને ૪૭૭ સંસ્કૃત શ્લોક છે.

શ્રીગુરુલીલામૃતની રચના પૂર્વે તૈયારીરૂપે ભગવાને બાપજી પાસે ભાથું તૈયાર કરાવી લીધું હતું. છ વર્ષથી શરૂ કરીને ૩૪ વર્ષ સુધી ભગવાને બાપજી પાસે ઘણાં કામો લીધાં. સંવત ૧૯૮૮ એટલે કે સને ૧૯૩૨માં બાપજી સરખેજ પાસેની જામફળીની વાડીમાં હતા ત્યારે સ્વામી મહારાજે બાપજીને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને ગ્રંથ લખવાની આજ્ઞા કરી. સ્વામી મહારાજે બાપજીને સ્વપ્નમાં ચરિતામૃતનો ઘટ

આપતા કહ્યું:

"લે ચરિતામૃત ઘટ સુખે કરી પાન, પિવાડ,
હોય તૃષાતુર તેહને મોત પાડશે રાડ.
દૈન્ય રહેશે ના કદી, જા મોજ કર મસ્ત,
એમ કહી મૂક્યો શિરે વરદ સ્વપ્નમાં હસ્ત."

આ સ્વપ્ન દર્શન પછી બાપજીએ "ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં" ભજન લખ્યું.

જ્યારે દેવ કોઇ કાર્ય કરાવતો હોય છે ત્યારે તેની કાર્યપદ્ધતિ જ નિરાળી હોય છે. ૬ વર્ષની ઉંમરથી ૩૪ વર્ષ સુધી પૂર્વ તૈયારી માટે સ્વપ્ન દ્વારા આદેશો આપ્યા અને હવે શ્રીદત્ત અને તેના અવતારોની લીલાનું વર્ણન કરતો ગ્રંથ લખવાનો આદેશ આપ્યો.

બાપજી ૨૭ વર્ષની ઉંમરે નારેશ્વરમાં ગયા. ખૂબ નાની ઉંમરથી જ આધ્યાત્મની કેડીએ એમણે એક પછી એક સોપાન સર કર્યાં હતાં. નારેશ્વરમાં જઇ અનુષ્ઠાન અને આકરી તપશ્ચર્યા કરી. ૩૪ વર્ષની ઉંમરે ગ્રંથ લખવાનો દૈવી આદેશ થયો ત્યારે બાપજીએ સૌ પ્રથમ તો હૃદયની શુદ્ધિ માટે,

ચિત્તની શુદ્ધિ માટે અને વાણીની શુદ્ધિ માટે અનુષ્ઠાન કરવું એવું વિચાર્યું. દૈવી અવતાર, આટલાં વર્ષની તપશ્ચર્યા તો પણ અનુષ્ઠાન તો વિચાર્યું જ. આપણને આમાંથી ઘણું શીખવાનું મળે છે. તપ:પૂત (તપથી પવિત્ર થયેલી) વાણીની દિવ્યતા અલૌકિક હોય છે. જ્યારે ભગવાને જ ગ્રંથ રચવાની આજ્ઞા કરી હોય ત્યારે શ્રીગુરુલીલામૃતમાં જ કહ્યું છે: "મૂગો વેદ વદે ક્ષણે, કહે ગુરુ જો બોલ" એ ન્યાયે ગ્રંથ તો રચાઇ જવાનો હતો જ છતાં એ ગ્રંથ લખતાં પહેલાં ભક્તિપૂર્વક સરસ્વતીની ઉપાસના, ગુરુની કૃપાયાચના તેમજ હૃદય અને બુદ્ધિમાં રહેલી અશુદ્ધિઓના નિવારણાર્થે કંઇક ઉપાસના કરવી એવો સત્સંકલ્પ થતાં સ્વામી મહારાજ વિરચિત **સપ્તશતી ગુરુચરિત્ર** મરાઠી ગ્રંથનો ગુજરાતીમાં સમનુવાદ કરવાની પ્રેરણા થઈ અને :

"એક ભક્તિથી પ્રેરિત । લેખને થયો ઉદ્યક્ત / કેવળ હૃચ્છુદ્ધિ માટ / ભાટ હું તો શ્રીગુરુનો" એમ આ સમાનુવાદ ગ્રંથના ઉપોદ્ઘાતમાં જણાવ્યું. આ હૃદયશુદ્ધિ માટેનું અનુષ્ઠાન કેટલું દિવ્ય હશે તે તો નીચેની પંક્તિ દ્વારા જ જણાશે:

"ધીમત્તા કોરે મૂકી ક્ષણ । જે કો કરશે નિત્ય પઠન । દેખશે એ પરચો જાણ । અલ્પ દિન ન લાગતાં. (શ્રીસપ્તશતી ગુરુચરિત્ર સમનુવાદ-પ્રથમ આવૃત્તિના નિવેદનમાંથી)

સપ્તશતી એટલે સાતસોનો સમૂહ. મૂળ મરાઠી ગુરુચરિત્રને સ્વામી મહારાજે ૭૦૦ ઓંવીમાં સંક્ષિપ્તમાં મરાઠીમાં ગ્રથિત કર્યો. તેનો બાપજીએ ગુજરાતીમાં ઓવીં છંદમાં અનુવાદ કર્યો. એનું નામ આપ્યું: "સપ્તશતી ગુરુચરિત્ર સમનુવાદ."

આ સપ્તશતી ગુરુચરિત્રની ખૂબી એ છે કે એની રચના એ પ્રકારની કરી છે કે જેમાં દરેક ઓંવીનો ત્રીજો અક્ષર વાંચતાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પંદરમો અધ્યાય વાંચવા મળે. સ્વામી મહારાજે કરેલી આ રચના પૂ.શ્રીએ પણ ગુજરાતીમાં જાળવી રાખી છે.

હૃદયની શુદ્ધિ માટેનું આ અનુષ્ઠાન પૂરું થયા પછી ગ્રંથ લખવાની બાબતમાં બાપજીએ સંસ્કૃત ભાષામાં લખવાનું વિચાર્યું તો દેવે આજ્ઞા કરી કે સંસ્કૃતમાં નહિ પણ પ્રાકૃત

(જે તે પ્રદેશના લોકોની ભાષા-ગુજરાતી) ભાષામાં લખો. સંસ્કૃત કોણ વાંચશે? આટલા બધા સંસ્કૃત ગ્રંથો વંચાયા વિનાના પડી રહે છે તો તેમાં વધારો કરવાની શી જરૂર?

દેવની આજ્ઞા સ્વીકારી અને મરાઠી સાહિત્યના સુપ્રસિદ્ધ 'ઓંવી' છંદમાં લખવાનું વિચાર્યું તો તેમાં પણ દેવે ના કહી. ગુજરાતના લોકોને ઓંવી છંદ નહિ ફાવે. પરિણામે બાપજીએ ગુજરાતના લોકોને અનુકૂળ એવા દોહરા છંદમાં ગુજરાતી ભાષામાં શ્રીગુરુલીલામૃત ગ્રંથ લખ્યો.

સંસ્કૃત એ દેવ ભાષા. એ ભાષા પરનો અસાધારણ કાબૂ અને એના પરનો અગાધ પ્રેમ એટલે ભલે આખો ગ્રંથ ગુજરાતીમાં લખ્યો પણ દરેક અધ્યાયની સમાપ્તિમાં પુષ્પિકા તો સંસ્કૃતમાં જ લખી. દરેક અધ્યાયને અંતે : "ઇતિ શ્રીદત્ત પાદારવિંદ મિલિંદ બ્રહ્મચારી પાડુંરંગ (રંગ અવધૂત મહારાજ) વિરચિતે શ્રીગુરુલીલામૃતે.......નામ......અધ્યાયઃ સમાપ્તઃ" આવી પુષ્પિકા લખી સંતોષ માન્યો.

ઓંવી છંદમાં ગ્રંથ લખવાની ઇચ્છા ભગવાનના આદેશવશ પડતી મૂકવી પડી એટલે સંતોષ ખાતર દરેક

કાંડની પ્રસ્તાવના 'ઓંવી છંદમાં' લખી.

ભગવાનની લીલા પણ કેવી હોય છે? શ્રીગુરુચરિત્રના રચયિતા શ્રીસરસ્વતી ગંગાધર કાનડી ભાષા જાણતા હતા ત્યારે દેવે તેમની પાસે મરાઠી ભાષામાં ગ્રંથની રચના કરાવી. ગાંડા મહારાજ મૂળે ગુજરાતી ત્યારે ભગવાને તેમની પાસે મરાઠીમાં શ્રીગુરુમૂર્તિચરિત્રની રચના કરાવી અને બાપજી મૂળ મહારાષ્ટ્રીયન ત્યારે તેમની પાસે ગુજરાતીમાં શ્રીગુરુલીલામૃતની રચના કરાવી.

બાપજીએ દરેક કાંડ માટે ઓંવી છંદમાં લખેલી પ્રસ્તાવના પણ દિવ્ય અને દૈવી છે. અહીં એનું વિગતે વિવેચન કરવું નથી છતાં દરેકમાંથી અમૃતબિંદુ ચાખી લઇએ.

જ્ઞાનકાંડની પ્રસ્તાવનાની પહેલી જ પંક્તિ કેવી જ્ઞાનથી ભરેલી છે તે જુઓ:

"મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ ।। ન થઇ, તિહાં અહં સ્ફુરણ ।। એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ ।। તદ્ધ્યક્ષ શ્રીદત્ત ।।"

અને છેલ્લી પંક્તિ છે:

તત્સત્ ૐ માટે તપસી ।। રહ્યો અવધૂત બધે હસી ।। વૃથા લેખની વૃથા મસી ।। જો પેસી અંતરે ।।

કર્મકાંડની પ્રસ્તાવના આ પ્રમાણે છે.

પ્રથમ પંક્તિ છે:

"જે જે દિસે તે તે દત્ત ।। સ્વરૂપ જાણ નિશ્ચિત ।।
બહાર અંદર પ્રતીત ।। થાતાં ભીતિ ક્યાં રહે ।।"

છેલ્લી પંક્તિ છે:

"**રંગ** રાગ બધા શમે ।। જોઇ સ્વાત્મ સ્વાત્મે રમે ।।
દેવ ભક્ત લીલા ક્રમે ।। આક્રમે અગમ્ય."

ઉપાસના કાંડની પ્રથમ ઓવીં આ પ્રમાણે છે:

"સર્વ વાસુદેવ ઈતિ ।। થઇ સર્વત્ર જેની મતિ ।।
જન્મ મરણ સંસૃતિ ।। નહિ તેને કલ્પે ચે ।।"

છેલ્લી ઓંવી આ પ્રમાણે છે:

।। તત્સત્ ૐ માટે તપસી ।। મૌને બધે રહ્યો વિલસી ।। જાણતાં એ વૃથા મસી ।। ઘસું લેખની કાં ફરી ।।

જ્ઞાનકાંડ અને ઉપાસના કાંડની છેલ્લી ઓંવીમાં કેવું સામ્ય છે!

આ ઓંવીમાં લખેલી પ્રસ્તાવનાની વિશિષ્ઠતા એ છે કે જ્ઞાનકાંડની ઓંવીમાં "ૐ નમો ભગવતે દત્તાત્રેયાય ૐ" મંત્ર, કર્મકાંડની ઓંવીમાં "દિગંબરા દિગંબરા શ્રીપાદ્ વલ્લભ દિગંબરા" એ મંત્ર અને ઉપાસના કાંડમાં "વાસુદેવ ગુરુ માજે આઇ મજલા ઠાવધા વા પાર્યી ૐ" મંત્ર ગ્રથિત થયો છે.

આખો ગ્રંથ કાળી સાહીથી લખાયો. "ઓ" નંબર-૯ની સ્ટીલવાળા હોલ્ડરથી લખાયો અને ચોક્કસ નિયમોના ચૂસ્ત પાલન સાથે લખાયો. મીણબત્તીના અજવાળે બ્રાહ્મમુહૂર્તમાં લખવાનું શરૂ થઇ જતું. દેવની ઇચ્છા અને આજ્ઞા મુજબ લખવાનું કાર્ય થતું હતું.

મહાભારતની રચનામાં વેદવ્યાસ બોલે અને ભગવાન ગણેશ લખે તેવું જ અહીં પણ થયું. ભગવાન  દત્તાત્રેય લખાવે અને ગુરુમહારાજ લખે.

આ ગ્રંથ વિશેની કેટલીક વિશિષ્ટ વાતો જાણવા જેવી છે. દેવે લખાવેલો આ ગ્રંથ છે. એ અંગે ઘણું બધું જોયું. ગ્રંથની શરૂઆત કર્યા પછી સાતમા અધ્યાયમાં શાંડિલિનીનું આખ્યાન લખતાં લખતાં વધુ સચોટ પુરાવો મળ્યો.

શાંડિલિનીનો પતિ કૌશિક એ બ્રાહ્મણ હોવા છતાં વેશ્યાના ઘરે પડી રહેતો હતો અને ચારિત્ર્યભ્રષ્ટ હતો. આવા લંપટ બ્રાહ્મણનું વર્ણન કરતાં કરતાં દોહરો નં.૭૭ આવો લખાયો:

“એમ કહી પ્રેમે ફરી, પંપાળે એ કર,
દેખી શાંતિ એહની, થયો શાંત દ્વિજવર.”

દોહરો લખાયા પછી આ લંપટ બ્રાહ્મણ માટે વપરાયેલો દ્વિજવર શબ્દ બાપજીને અયોગ્ય લાગ્યો. ચારિત્ર્યભ્રષ્ટ, લંપટ અને વેશ્યાવાડે પડી રહેતા બ્રાહ્મણ માટે દ્વિજવર શબ્દ કેમ વપરાય? પરંતુ ફરી વિચાર આવ્યો કે હું તો લહિયો માત્ર છું, લખાવનાર તો ગુરુમહારાજ છે, ભગવાન દત્તાત્રેય છે એટલે જે લખાવ્યું તે યોગ્ય જ હશે અને તરત જ પાસે પડેલો અમરકોશ લીધો અને વર શબ્દનો અર્થ

જોવા માટે કોશ ખાલ્યો તો એ જ પાનું નીકળ્યું જેમાં વર શબ્દનો અર્થ આપેલો હતો. વર શબ્દના અનેક અર્થ આપેલા હતા એમાં છેલ્લો અર્થ હતો 'લંપટ.'

શ્રીગુરુલીલામૃત ગ્રંથની શરૂઆત 'ગ્રં' **અક્ષર**થી થઈ છે. પ્રથમ અધ્યાયનો પ્રથમ દોહરો આ પ્રમાણે છે:

"ગ્રંથારંભે તુજ નમું ચરણકંજ ગણરાજ,
આપો સન્મતિ મોરયા જેથી સુધરે કાજ."

શ્રીગુરુલીલામૃત ગ્રંથના છેલ્લા દોહરાના છેલ્લા શબ્દનો છેલ્લો અક્ષર 'થ' છે. દોહરો છે:

"તત્પદમાં અર્પણ કરું તત્પ્રેરિત આ ગ્રંથ,
શ્રદ્ધા ભક્તિથી પઢો સંત એહ નિર્ગ્રંથ."

આમ ગ્રંથનો પહેલો અને છેલ્લો અક્ષર સાથે મૂકતાં "ગ્રંથ" શબ્દ બને છે.

બીજું શ્રીગુરુલીલામૃતનો પહેલો **શબ્દ** છે: 'ગ્રંથ' અને છેલ્લો શબ્દ છે: 'નિર્ગ્રંથ.' આમ શ્રીગુરુલીલામૃત પારાયણ કરનારને ગ્રંથમાંથી નિર્ગ્રંથ બનાવે છે, એની બધી ગ્રંથીઓ

તોડી નાંખે છે, શરત એટલી કે 'સંત' થઇને પારાયણ કરવાનું છે, શ્રદ્ધા અને ભક્તિથી પારાયણ કરવાનું છે. એટલે અંતમાં બાપજી લખે છે કે "શ્રદ્ધા ભક્તિથી પઢો સંત એહ નિર્ગ્રંથ."

શ્રીગુરુલીલામૃતના જ્ઞાનકાંડની ઘણી વાતો ભણેલાને પણ સમજાતી નથી. એમાં અધ્યાય નં. ૩૮ અને ૩૯ જેમાં સ્વરોદયની વાત છે એ તો કેવળ ગુરુગમ્ય જ છે. બાપજી આગળ કોઈ એમ કહે કે મને આ સમજાતું નથી કે પેલું સમજાતું નથી ત્યારે બાપજી એટલું જ કહે કે આપણે શ્રદ્ધાથી વાંચ્યા કરવાનું. આપણામાં બેઠેલો દેવ યોગ્ય સમયે બધું સમજાવશે. વળી બાપજી એવું પણ કહેતા કે શ્રીગુરુલીલામૃતની બધી વાતો બધા માટે નથી. સંવત ૧૯૮૮ની ગુરુદ્વાદશી ઉપર પૂર્ણ થયેલા આ ગ્રંથ વિશે બાપજીએ કોઈને જણાવ્યું ન હતું. બહુ ઓછી વ્યક્તિ આ વિશે જાણતી હતી. આ ગ્રંથ છપાવવાની વાત નીકળતાં જ બાપજીનો એવો આગ્રહ રહેતો કે ગમે તેવા કુસંસ્કારી માણસના દ્રવ્યથી આ ગ્રંથ છપાવવાનો નથી અને એ છપાવવા માટે કોઈની પાસે સીધી કે આડકતરી રીતે પૈસાની માગણી પણ

કરવાની નથી. દેવનું કાર્ય દેવ કરશે અને થયું પણ તેમ જ.

બન્યું એવું કે હરજીવનદાસ સોની એટલે દાસકાકાના દીકરી ગં.સ્વ.મુ. મૂળીબેન (આપણા મૂળીફોઇ) ભયંકર બિમારીમાં સપડાયા. સને ૧૯૩૪ની સાલ હતી. મુ.મૂળીબેનને એમ લાગ્યું કે પોતે હવે નહિ જીવે એટલે દાસકાકાને કહ્યું કે મોદીકાકાને તાબડતોડ બોલાવો. મૂળીબેનના બાપુજીએ-દાસકાકાએ-કહ્યું કે મોદીકાકાનું શું કામ છે? તને મારા પર વિશ્વાસ નથી? તારા મનમાં જે હોય તે કહે. મૂળીબેને કહ્યું કે મારા પલ્લામાંથી પાંચસો રૂપિયા 'શ્રીગુરુલીલામૃત' છપાવવા માટે આપવા છે. જ્યારે રૂપિયો ગાડાના પૈંડા જેવો હતો ત્યારે મૂળીબેને પોતાના સ્વર્ગસ્થ પતિ ક્હાણા નિવાસી શ્રીડાહ્યાલાલ ભગવાનદાસ સોની નિમિત્તે ૫૦૦ રૂપિયા આપવાનો સંકલ્પ કર્યો હતો. બસ ! આજ રક્મમાંથી શ્રીગુરુલીલામૃતનો જ્ઞાનકાંડ છપાયો.

મૂળીબેનના પૈસાથી જ શ્રીગુરુલીલામૃત છપાય એમાં પણ કેવો દૈવી યોગ છે? એક વખત મૂળીબેને પૂ.બાપજીને કહેલું કે તમે મારા માટે એક મહાભારત રચો અને એ સાત્વિક

વિનંતીના ફળરૂપે જ બાપજી પાસે ભગવાને શ્રીગુરુલીલામૃત ગ્રંથ રચાવ્યો. જેની વિનંતીના ફળસ્વરૂપ આ ગ્રંથ લખાયો તેમની જ રકમથી આ ગ્રંથ છપાયો. એ પણ કુદરતની કેવી કરામત ! શ્રીગુરુલીલામૃત ની પ્રથમ આવૃત્તિ સંવત ૧૯૯૦ના વિજયાદશામીના રોજ થઇ. દેવનું કામ દેવ કરે છે તે આનું નામ.

બાપજીને કરેલી વિનંતીના સંદર્ભમાં આ ગ્રંથની રચના થઇ એ અંગે મૂળીબેનને લખેલા પત્રમાં બાપજીએ લખ્યું હતું કે : “એક વખત તેં મને લખેલું કે મારે માટે એક મહાભારત રચો. શ્રીગુરુલીલામૃત એ એ સાત્વિક વિનંતીનું જ ફળ છે. એમાંનો શિષ્ય નિરંજન તે તું જ છે એ ભાવનાથી વાંચ અને જો કે એમાં કેવી વીજળી ભરેલી છે!”

આમ આપણે જે ગ્રંથનું પારાયણ કરીએ છીએ તે ગ્રંથ દેવે લખાવેલો અને ગુરુદેવે લખેલો આવો દૈવી ગ્રંથ છે. બાપજીએ તો આશીર્વાદ આપતાં ત્યાં સુધી કહ્યું છે કે વાંચતા ન આવડતું હોય એવી વ્યક્તિ પાટલા ઉપર કે બાજઠ ઉપર ગ્રંથ મૂકી એની શ્રદ્ધાથી પ્રદક્ષિણા કરશે તો પણ ભગવાન

એને ફળ આપશે. આનાથી બીજા શા આશીર્વાદ જોઈએ?

શ્રીગુરુલીલામૃત એ જ્ઞાનસાગર છે, અમૃતસાગર છે. એટલે એના વિશે તો જેટલું લખીએ તેટલું ઓછું છે. બ્રહ્મરસાસ્વાદથી ભરેલા આ ગ્રંથની વિગતો વિશે ચર્ચા કરવાનો કોઈ હેતુ નથી એટલે એની ચર્ચા કરતો નથી. આમ છતાં બે ત્રણ વિશિષ્ટ વિગતો નોંધ્યા સિવાય નથી રહી શક્તો.

ગ્રંથની રચનામાં રહેલી બાપજીની ખંડનાત્મકને બદલે રહેલી મંડનાત્મક વૃત્તિ નોંધપાત્ર છે. શ્રીગુરુલીલામૃતના ૧૩૦માં અધ્યાયમાં ભગવાન દ્વારિકાધીશને ભક્ત બોડાણો દ્વારિકાથી ડાકોર લઈ આવ્યો એનું કથાનક છે. એ અધ્યાયમાં દ્વારિકાના મંદિરમાં મૂર્તિ ન જોતાં ગભરાયેલા પૂજારીઓને- ગૂગળીઓને જગદ્ગુરુ શંકરાચાર્યે ધ્યાનમાં જોઈને કહ્યું કે ભક્ત બોડાણા સાથે ભગવાન ડાકોર ગયા છે.

આ વાંચીને એક ભક્તે બાપજીને કહ્યું કે બાપજી! મેં તો બોડાણો ભગવાનને ડાકોર લાવ્યો એ અંગેની ઘણી દંતકથાઓ વાંચી છે પરંતુ એમાં ક્યાંયે એવું આવતું નથી કે જગદ્ગુરુ શંકરાચાર્યે સમાધિમાં જોઈને ગૂગળીને જણાવ્યું.

બાપજીએ એટલું જ પૂછ્યું કે આવા ફેરફારથી સમાજમાં જગદ્‌ગુરુ શંકરાચાર્યની પ્રતિષ્ઠા વધે છે કે ઘટે છે? ભક્તે જવાબ આપ્યો કે 'એ તો વધે જ ને!' બાપજીએ કહ્યું કે : "બસ! ત્યારે. લેખકને કથાનકમાં ફેરફાર કરવાનો હક છે જ અને આ ફેરફારથી તો જગદ્‌ગુરુના માન, પ્રતિષ્ઠા વધે છે." મંડનાત્મક વૃત્તિનું કેવું સરસ ઉદાહરણ!

શ્રીગુરુલીલામૃતના દરેક કાંડની સમાપ્તિમાં પણ એક બાબત ધ્યાન ખેંચે તેવી છે. જ્ઞાનકાંડ અને કર્મકાંડની સમાપ્તિમાં અલખને સમાધિ લાગી જાય છે અને નિરંજન જાગ્રત રહે છે એટલે કે વક્તા-ગુરુને સમાધિ લાગે છે અને શ્રોતા-શિષ્ય જાગ્રત રહે છે. પરિણામે વાત આગળ ચાલે છે. જિજ્ઞાસાવૃત્તિવાળો શ્રોતા જ વક્તાને બોલવાની પ્રેરણા પૂરી પાડી શકે, પરંતુ ઉપાસનાકાંડની સમાપ્તિમાં અલખ જાગ્રત રહે છે અને નિરંજનને સમાધિ લાગી જાય છે. શ્રોતા-શિષ્યને ધ્યેયની સિદ્ધિ થઇ ગઇ એની આ નિશાની છે. વક્તા-ગુરુને એનો આનંદ છે. જે હેતુથી જ્ઞાનયજ્ઞ શરૂ કર્યો હતો તે હેતુ સિદ્ધ થાય ત્યારે એનો સૌથી વધુ આનંદ વક્તાને-ગુરુને જ

થાય. લોક સંગ્રહાર્થે, સમાજના કલ્યાણ માટે, આ જ્ઞાનયજ્ઞના પ્રસાર માટે અલખ નિરંજનને ફરી જાગ્રત કરે છે.

અલખ નિરંજનનું પાત્ર એ બાપજીએ પસંદ કરેલું છે. શ્રીગુરુલીલામૃતના સપ્તાહ પારાયણ અને ખંડ પારાયણ બંને થઇ શકે છે અને એ અંગેના નિયમો બાપજીએ જ જણાવ્યા છે. કોઇની પાસેથી નહિ લેવાની વાત શીખવનાર બાપજીએ શ્રીગુરુલીલામૃતમાં ઠેર ઠેર દાન-દક્ષિણા આપવાની વાત કરી છે અને તે દ્વારા સાચા દત્તભક્તની ઓળખ આપી છે. સાચો દત્તભક્ત લે નહિ પણ આપે તો ખરો જ.

શ્રીગુરુલીલામૃત વિશે એક છેલ્લી પણ ખૂબ જ મહત્ત્વની વાત જણાવી દઉં, બાપજીએ આપણને જે કાંઇ શીખવવું છે, કહેવું છે, બોધ આપવો છે તે બધું શ્રીગુરુલીલામૃત દ્વારા કહી દીધું છે. ખાસ તો ઉપાસનાકાંડના અધ્યાયમાં આપણા જીવનવ્યવહાર વિશેના માર્ગદર્શક સિદ્ધાંત આપ્યા છે. દા.ત. અધ્યાય નં.૧૪૦માં પુંડરિકના આખ્યાન દ્વારા પુત્ર તરીકે માતા-પિતાની સેવા કરવી જોઇએ એની સરસ શિખામણ આપી છે. ધર્મના કાર્ય દ્વારા પૈસા મેળવવાની

વૃત્તિ ન રાખતાં કાંઇ કરી છૂટવાની વૃત્તિ રાખવી જોઇએ, કોઇનું દેવું ચૂકવવાનું રહી ન જાય તેની કાળજી રાખવી જોઇએ, દેવ સાથે કેવી રીતે વર્તવું જોઇએ, એ બધું શીખવ્યું છે. પરંતુ સૌથી મહત્ત્વની વાત અધ્યાય ૧૧૫માં કરી છે. નૃસિંહવાડીમાંથી આબાશાસ્ત્રી નામના એક બ્રાહ્મણ સ્વામી મહારાજને મળવા માટે માણગાંવ આવ્યા અને એમણે વાદ શરૂ કર્યો કે અષ્ટાંગ યોગ વિના બ્રહ્મજ્ઞાન ન થઇ શકે એવું શ્રુતિમાં-વેદોમાં-ક્યાંય જણાવ્યું નથી, ત્યારે સ્વામી મહારાજે કોઇ જવાબ આપ્યો નહિ કે વાદવિવાદ કે વિતંડાવાદ કર્યો નહિ. આ પ્રસંગ વખતે બાપજીએ લખેલા દોહરા આપણને ઘણું ઘણું શીખવી જાય છે, જો શીખવું હોય તો.

"નિયમ એહ શ્રીગુરુતણો; કદી કોઇની સાથ
પડવું ના વાદે તથા કરી વિતંડાવાદ (૫૧)
બીજી મર્યાદા તિહાં : નૃસિંહવાટિકા જેહ
રાજધાની શ્રીદત્તની, માટે પવિત્ર તેહ. (૫૨)

દત્તરૂપ સહુ ત્યાંયનાં, રાખી પ્રીતિ તેમ,
વર્તે સાથે સર્વની રહી દક્ષ બહુ એમ." (૫૩)

આબાશાસ્ત્રીના મતનું ખંડન કરી શકે એમ હોવા છતાં એક તો વાદ-વિવાદમાં પ્રેમનો તંતુ બળે છે અને બીજું નૃસિંહવાડીમાંથી આવતી દરેક વ્યક્તિ સ્વયં દત્ત છે એમ માની ખૂગ કાળજીપૂર્વક અને પ્રેમથી વર્તતા. આ પ્રસંગ દ્વારા બાપજી આપણને શું શીખવે છે? નારેશ્વર એ બાપજીની રાજધાની નથી શું?

પોતાના ગુરુમહારાજનાં ગૃહસ્થ જીવનનું વર્ણન કરવામાં બાપજીએ જે મર્યાદા પાળી છે એ સૂચક છે! સ્વામી મહારાજના ધર્મપત્ની અન્નપૂર્ણાનું વર્ણન એક જ દોહરામાં બાપજીએ કર્યું છે:

"પત્ની અન્નપૂર્ણા સતી હૈમવતી સમ એહ,
નામ પ્રમાણે ગુણમહીં નકી જગદંબા તેહ."
(૧૧૩/૨૧)

લગ્નજીવન, પુત્ર જન્મ વગેરે પ્રસંગ તો ટૂંકામાં ટૂંકી રીતે જણાવ્યા છે. મર્યાદા પાળવાની કેવી ઊંચી સૂઝ?

આવા પ્રસંગોમાં જ બાપજીએ જે કહેવાનું હતું, બોધ આપવાનો હતો, શિખામણ આપવાની હતી તે બધું જ કરી દીધું. આપણે તો હવે પારાયણ કરીને એને જીવનમાં ઉતારવાનું છે, આચરણમાં મૂકવાનું છે. કેવળ પારાયણ નહિ પણ આચારયુક્ત પારાયણ જ આપણને ધ્યેય સિદ્ધિ તરફ લઇ જશે.

શ્રીગુરુલીલામૃત જેવા દિવ્ય અને દૈવી ઔપાસનિક ગ્રંથનું પારાયણ આપણા સૌના જીવનને શાંતિ અને મંગલતાથી ભરી દે એવી ગુરુમહારાજને પ્રાર્થના. સાચું પારાયણ ગુરુ પારાયણ કરે તેવું હોવું જોઇએ.

## અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત

❖ ❖ ❖

## ભજન-૧

શ્રીગુરુલીલામૃત ગ્રંથ, ન્યારો ન્યારો.
રચનારો અવધૂત **રંગ**, ન્યારો ન્યારો.
**જય** ગણેશ ને વંદી શારદા,
**યોગીશ્વર** ગુરુ સંતને સ્મરતાં,
રુકમા વિઠ્ઠલનો **રંગ**, ન્યારો ન્યારો.
**દત્ત દયાળ**ના સ્વપ્ને દર્શન-
કરે ગિરનારે વિપ્ર નિરંજન,
વાગ્યો અગમ્ય ઘંટ, ન્યારો ન્યારો.
**તું જ એક** મુજ સ્વામી માનું,
**જગમાં** ગાવું તારું ગાણું,
'પાપીગણુ'નો **પ્રતિપાળ** ન્યારો ન્યારો.

❖

# ભજન-૨

## શ્રીગુરુલીલામૃત સ્વર્ણ મહોત્સવ

જય પાંડુરંગ જય જય શ્રીરંગ,
જય બોલો નારેશ્વર સંતની,
સ્વર્ણજયંતી ઉજવે ભક્તો ગુરુલીલામૃતગ્રંથની.

લખાવનારો દત્તગુરુ ને **રંગ**ગુરુ જ્યાં લખનારો,
રેવાતટ નારેશ્વર ધામે ગ્રંથ રચાયો આ ન્યારો;
આ બ્રહ્મ રસાસ્વાદે જ ભર્યો
જુઓ રચના આદિથી અંતની....સ્વર્ણ.

જ્ઞાનકાંડમાં દત્તગુરુની દિવ્યલીલાનાં દર્શન છે,
કર્મકાંડમાં નૃસિંહસરસ્વતી, શ્રીપાદ્લીલા વર્ણન છે,
આ ઉપાસનાકાંડે જ કથા
શ્રીવાસુદેવાનંદની................સ્વર્ણ.

ચરિતામૃત ઘટ લે સુખે તું કરી પાન પીવાડજે,
હોય તૃષાતુર તેહને તો મોત પાડશે રાડ રે,
ના દૈન્ય રહે, જા મોજ કરે,
મૂકે સ્વપ્ને હાથ શિર **રંગ**ની....સ્વર્ણ.

જ્ઞાન, કર્મ ને ઉપાસનાનો આ ત્રિવેણી સંગમ છે,
ગુરુલીલામૃત પાને પાને જ્ઞાન તો નિગમાગમનું છે;
આ પારાયણના સ્નાન થકી
તૂટે બેડી આ ભવબંધની..........સ્વર્ણ.

**પાપીગણુ**નો અમૃત ઉત્સવ,
સ્વર્ણ મહોત્સવ ગ્રંથ તણો,
એક જ વર્ષે આવ્યા દેખી **કુલીનગણુ** હરખાય ઘણો,
આ **પાપીગણુ**ની **રંગ**પ્રપા એ
પ્રપા મુક્તિના પંથની.............સ્વર્ણ.

❖

## ભજન-૩

**રંગ** પીલાવે અમૃત તે પી, બન નરમાંથી નારાયણ,
ભાવ, ભક્તિ, શ્રદ્ધાથી કર તું ગુરુલીલામૃત પારાયણ.
પારાયણથી પલમાં ટળશે
જન્મમરણની રામાયણ.........ભાવભક્તિ.

સત્ત્વ, રજસ ને તમથી પર થઇ
અત્રિ જેવું જીવન હજો,
રાગ, દ્વેષ ને કાઢ અસૂયા અનસૂયા સમ ભક્તિ હજો,
ત્યાગ, ભક્તિ, વૈરાગ્ય હોય ત્યાં
પ્રગટે છે અત્રિનંદન............ભાવભક્તિ.

સહુ ભ્રમણાનું મૂળ અવિદ્યા,
બ્રહ્મ મળે તો ભ્રમ ટળે,
એ બ્રહ્મ હું પોતે એવા જ્ઞાન વિના નવ મોક્ષ મળે,
કોણ હું? ક્યાંથી આવ્યો? ને ક્યાં
જવાનો એનું કર ચિંતન........ભાવભક્તિ.

સુખ-વૈભવની છોળો ઊછળે અર્જુન જેવું જીવન હજો,
દુ:ખના ડુંગર તૂટી પડે ત્યારે અલર્ક સમ સત્સંગ હજો,
આયુ સમ નિષ્કામ બનો તો
નડે નહિ માયા-બંધન.........ભાવભક્તિ.

અર્જુન, અલર્ક, આયુ જેવી હોય નહિ તુજમાં શક્તિ,
તંતુક જેવી ગુરુચરણમાં અનન્ય તારી હો ભક્તિ,
સઘળા દેવો, સઘળાં તીર્થો,
વસી રહ્યા સદ્ગુરુચરણ.......ભાવભક્તિ.

વંધ્યા પ્રસવે પુત્ર વળી ને સતી પતિ જીવતો થાયે,
સૂકા કાષ્ટને ફૂટે પાંદડાં પેટપીડા પળમાં જાયે,
જેવી જેની હોય ભાવના
તેવી સિદ્ધિ મળે તત્ક્ષણ.......ભાવભક્તિ.

દત્તપ્રભુ જેની સંગાથે હરહંમેશા વાત કરે,
વાસુદેવ સ્વામી જેની આજ્ઞા વીણ એકે ડગ ન ભરે,
ભક્તને વશ આ જુઓ જગતમાં
પ્રભુ સ્વીકારે છે બંધન.........ભાવભક્તિ.

જ્ઞાન, કર્મ ને ઉપાસનાનો આ ત્રિવેણી સંગમ છે,
ગુરુલીલામૃત પાને પાને ગુરુનાં દર્શન હરદમ છે,
**પાપીગણુ** જો સ્નાન કરે તો
પલમાં થઈ જાયે પાવન........ભાવભક્તિ.

❖

# ભજન-૪

કર મન પારાયણ પારાયણ.
બન  નરમાંથી  નારાયણ.............કર મન.

ગુરુપરાયણ જે કરે તે જાણ પારાયણ સાચું,
વૃત્તિ જો સુધરે ના તારી જાણ બધું એ કાચું. ....કર મન.

ગુરુલીલામૃત પાન કરેથી વિષયતણું વિષ જાયે,
રાગ, દ્વેષ ને કલેશ છૂટે ત્યાં અંતર નિર્મળ થાયે..કર મન.

કોક ગરીબનાં આંસુ લૂછો ભૂખ્યા જનને પૂછો,
**રંગ**-ખુમારી હૃદયમાં રાખી માગણવૃત્તિ મૂકો.....કર મન.

સત્કર્મોનાં બીજને પાજો **રંગ પ્રેમ**નું પાણી,
જીવનવન નંદનવન બનશે **કુલીનગણુ**ની વાણી..કર મન.

❖

## ભજન-૫

જીવનનો વ્યવહાર તને શીખવાડે છે અવધૂત,
ઘરમાં સ્વર્ગ ઉતારવા કાજે વાંચ ગુરુલીલામૃત,
અમૃતનું પાન કરાવે, સાચું તને ભાન કરાવે,

પથ્થરને તેં દેવ ગણ્યા ને ખર્ચ્યા લાખો ભાઇ,
માતપિતાને કાજ કદી ના ખર્ચી તેં રાતી પાઇ,
દેવ રહે ક્યાંથી રાજી? ગોઠવી ઊંધી બાજી....જીવનનો.

પતિ એ મારો પરમેશ્વર એ મંત્ર જ ભૂલી ગઇ,
મંત્ર જપ્યા બીજા લાખ હજારો ઊંધે રસ્તે તું ગઇ,
વળે ક્યાંથી તારો દહાડો, સાચા પંથે રે ચાલો..જીવનનો.

એકબીજાને દેવ ગણો એ ભૂલ્યા ગુરુ ઉપદેશ,
દેવને ભૂલી મંદિર પૂજે, વધાર્યા રાગ ને દ્વેષ,
વધી જીવનમાં ભ્રાંતિ, મળે તને ક્યાંથી શાંતિ?..જીવનનો.

**પાપીગણુ** તો **રંગ**ચરણમાં મૂકી દઇને શીશ,
વિનવે વ્હાલા આપી દેજો અંતરના આશિષ,
કહ્યલું તારું માનું, સાચા પંથે રે ચાલું..........જીવનનો.

# ભજન-૬

કર ગુરુલીલામૃત પાન, મનવા! એમાં છે કલ્યાણ.
કર ગુરુલીલામૃત ગાન, મનવા! એમાં છે કલ્યાણ.

જ્ઞાનકાંડ તને શું સમજાવે? બ્રહ્મસત્ય મિથ્યા જગ કહાવે,
દેહાધ્યાસ ત્યજીને જીવવું રાખી આતમજ્ઞાન...મનવા!

કર્મ કદી નથી બંધનકારી, કર્મવાસના છે દુ:ખકારી,
ત્યાગ કર્મના ફળનો કરીને કરજે કર્મ મહાન...મનવા!

શ્રદ્ધા ગુરુમાં અનન્ય રાખી, ઉપાસનાનું લે ફળ ચાખી,
દૂર થશે વિક્ષેપ, કરી લે અક્ષય શાંતિ સ્નાન...મનવા!

ઘટ અમૃતના મૂક્યા રંગે, તું પી લે બેસી સત્સંગે,
**પાપીગણુ** તો **પા**તો **પી**તો ફરતો ફરે મસ્તાન...મનવા!

❖

## ભજન-૭

(રક્ત ટપકતી સો સો ઝોળી.....એ રાહ)

રંગે માડી અમૃત કેરી દિવ્ય પરબ આ ન્યારી,
ભવરણમાં ભટકંતા ને તરસંતા ઓ સંસારી;
થોડું પાન કરી લેજે, મુખેથી દત્ત દત્ત કહેજે....

દેવે દીધો ચરિતામૃતઘટ રંગે તે લઈ લીધો,
જ્ઞાન, કર્મ ને ઉપાસનાના કુંભમહીં ભરી દીધો;
જે જન લેશે એનો લાભ, ટળી જાશે માયાનું ખ્વાબ....

જ્ઞાન, કર્મ ને ઉપાસનાના કુંભ મૂક્યા સહુ કાજે,
આવે જે અનુકૂળ તે તું પી, દુઃખડા સહુ ટળી જાશે;
જન્મમરણ ફેરો ટળશે, તને આનંદ પરમ મળશે....

કર્મ કરી નિષ્કામભાવથી કરજે તું ચિત્તશુદ્ધિ,
ઉપાસના સાત્ત્વિક કરીને કરજે તું સ્થિર બુદ્ધિ;
ટળે ભ્રાંતિ ને પ્રગટે જ્ઞાન, અહં બ્રહ્માસ્મિ કેરું ભાન....

અમૃત પીને બન નારાયણ નરમાંથી સંસારી,
હોય તૃષાતુર, આવો દોડી, **રંગ** કહે પોકારી;
પીને મોજ કરી લેજે, મોતને તાળી દઈ દેજે....

પ્રેમ વિનાનું જીવન વન છે, પ્રેમથી નંદનવન એ,
**રંગ** પરબનું અમૃત પી તે જીવને જો ધન ધન છે;
**પાપીગણુ**ને **રંગ** મળ્યો, **ગણુ કુલીન**ને **પ્રેમ** ફળ્યો....

❖

## ભજન-૮

**રંગ**ગુરુનું ગુરુલીલામૃત નોખું ને ન્યારું ઉપવન,
જે જન જાયે એ ઉપવનમાં ધન ધન છે તેનું જીવન.
શબ્દ-અર્થના વિશાલ વૃક્ષો ઉપવનમાંહી ડોલી રહ્યા,
એ તરુવરને **રંગ**ગુરુવર પ્રેમે રસજલ સિંચી રહ્યા.....
તન-મનને શાંતિ દેનારી તરુવર છાયા ભક્તિ તણી,
ભાત-ભાતના સુખના ફળ દેવાની એની શક્તિ ઘણી.....
સ્તોત્ર, ભજન ને હાલરડાંનાં પંકજ ખીલ્યા સરવરમાં,
ગુરુચરિત મકરંદ પીયૂષને ભક્ત ભ્રમર પીતા પળમાં.....

પંડિત ને ગુણવાન પક્ષીઓ રસકાજે વિહાર કરે,
સરસ રસ પી, પ્રમોદ પામી ગુરુનો જયજયકાર કરે.....

ત્રણે કાંડ સરવર સંગમમાં જે જન પ્રેમે સ્નાન કરે,
ભક્તિતણી શીતળતા પામી ભવસાગર પલમાં જ તરે.....

ગુરુલીલામૃત ઉપવનનો છે **રંગ**ગુરુ પોતે સ્વામી,
**રંગ**ભક્તિની **પ્રેમ**શક્તિથી જીવનમાં ન રહે ખામી.....

ગુરુલીલામૃત ઉત્તમ ઉપવન જોતાં મોદ મળે મનને,
**કુલીન ગણુ** પારાયણ થાયે, ગુરુકૃપાનું ફળ ગણજે.....

❖